ક્રમાંક:રાપબો/ચિત્રકામ પરીક્ષા/૨૦૧૫-૧૬/**૪૨૭૨-૪૩૫૩**

રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુ.રા.,
સેક્ટર-૨૧,ગાંધીનગર
gseb21@gmail.com
તારીખ:-૩૧/૦૮/૨૦૧૫

## જાહેરનામું:-

### પ્રાથમિક/માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા ઓક્ટોબર – ૨૦૧૫

ગુજરાત સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ,ગાંધીનગરનાં તા.૧૭/૫/૧૯૯૩ના ઠરાવ ક્રમાંક: ઉપક/ ૧૦૯૨/૨૨૬૫ /ગ-૧,અન્વયે અત્રેની કચેરી દ્વારા દ્વારા લેવાનાર ચિત્રકામ કક્ષા પરીક્ષા-૨૦૧૫નો કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

- જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખ :- ૩૧/૦૮/૨૦૧૫,સોમવાર
- પ્રાથામિક ચિત્રકામકક્ષા પરીક્ષા તારીખ :- ૧૦/૧૨/૨૦૧૫,ગુરૂવાર
- માધ્યમિક ચિત્રકામકક્ષા પરીક્ષા તારીખ :- ૧૧/૧૨/૨૦૧૫,શુક્રવાર અને ૧૨/૧૨/૨૦૧૫,શનિવાર

## :: પરીક્ષાને લગતી સુચનાઓ ::

### ૧. પરીક્ષા અંગેની સ્ટેશનરી મેળવવા બાબત:-

A. કેન્દ્રએ બનાવવાની વિદ્યાર્થીના નામની યાદી 'પરિશિષ્ટ-૧'માં દર્શાવેલ છે. તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પોતાના જિલ્લા પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને અને જરૂરી **કેન્દ્ર એ બનાવવાની વિદ્યાર્થીના નામની યાદી તા.૧૧/૦૯/૨૦૧૫ સુધીમાં** પહોચાડવાના રહેશે.

B. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ પોતાના જિલ્લાના ચિત્રકામ પરીક્ષાનાં તમામ કેન્દ્રોને **કેન્દ્ર એ બનાવવાની વિદ્યાર્થીના નામની યાદી** પહોચાડવાની તારીખ :- **૧૧/૦૯/૨૦૧૫**

C. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા પોતાના જિલ્લાના તમામ કેન્દ્રોના શાળાઓએ બનાવવાની વિદ્યાર્થીનાનામની યાદી, જરૂરી ફી ચલણ સાથે **કેન્દ્ર પાસેથી તા.૩૦/૦૯/૨૦૧૫ સુધીમાં** મેળવી લેવાનાં રહેશે.

D. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓએ તેમના જિલ્લાનાં ચિત્રકામ પરીક્ષાના ભરેલાં **વિદ્યાર્થીના નામની યાદી 'પરિશિષ્ટ-૧' પ્રાથમિક અને માધ્યમિકનાં** અલગ અલગ લીસ્ટમાં તૈયાર કરીને (કેન્દ્રવાઈઝ)રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને મોડામાં મોડા **તા.૦૮/૧૦/૨૦૧૫** સુધીમાં પહોચતાં કરવાનાં રહેશે.

## ૨. આવેદનપત્રો (શાળાએ બનાવવાની વિદ્યાર્થીના નામની યાદી ફોર્મ)ભરવા બાબત.

| *ક્રમ* | *વિગત* | *તારીખ* |
|---|---|---|
| ૧ | જાહેરનામું પ્રસિધ્ધ તારીખ | **૩૧/૦૮/૨૦૧૫** |
| ૨ | તમામ શાળાઓએ નજીકના પરીક્ષા કેન્દ્રોને આપવાની વિદ્યાર્થીના નામની યાદી (એક્સલ ફોરમેટમાં)આપવાની તારીખ | **૧૧/૦૯/૨૦૧૫** |
| ૩ | જે તે જિલ્લાના પરીક્ષા કેન્દ્રોએ બનાવેલી વિદ્યાર્થીના નામની યાદી(એક્સલ ફોરમેટમાં) તથા ચલણ જિલ્લાશિક્ષણાધિકારીને રજુ કરવાની છેલ્લી તારીખ | **૩૦/૦૯/૨૦૧૫** |
| ૪ | તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને મળેલ નામની યાદી (એક્સલ ફોરમેટમાં) ફીના ચલણ સાથે **વિદ્યાર્થીના નામની અંગ્રેજીમાં યાદીની સોફ્ટ કોપી અને હાર્ડકોપી સાથે સી.ડી. બનાવીને** રાજ્ય પરીક્ષા બોર્ડને પહોંચાડવાની તારીખ | **૦૮/૧૦/૨૦૧૫** |
| ૫ | તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓએ પોતાના જિલ્લાના સંબધિત કેન્દ્રોના ૦૧ પત્રક તથા બેઠક નંબરની યાદી રાજ્ય પરીક્ષા બોર્ડ ખાતેથી મેળવી લેવાની તારીખ | **૦૧/૧૨/૨૦૧૫** |
| ૬ | તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓએ તેમના જિલ્લાના સંબધિત કેન્દ્રોના પ્રશ્નપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડ ખાતેથી મેળવી લેવાની તારીખ | **૦૯/૧૨/૨૦૧૫** |
| ૭ | પ્રાથમિક ચિત્રકામ પરીક્ષાની તારીખ | **૧૦/૧૨/૨૦૧૫** |
| ૮ | માધ્યમિક ચિત્રકામ પરીક્ષાની તારીખ | **૧૧/૧૨/૨૦૧૫ અને ૧૨/૧૨/૨૦૧૫** |

પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા માટે ધોરણ-૫ થી ૮ સુધીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જ્યારે માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા માટે ધો-૮ પાસ અથવા પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા પસાર કરેલ હોવી જોઈએ.પ્રાથમિક તેમજ માધ્યમિક વિભાગમાં બેસવા માંગતા વિદ્યાર્થીઓની કેન્દ્રએ બનાવવાની વિદ્યાર્થીના નામની યાદી ફોર્મ **તા૩૦/૦૯/૨૦૧૫** સુધી મુખ્ય તથા પેટા કેન્દ્રની શાળાઓએ સ્વીકારવાનાં રહેશે.

## ૩. મુખ્ય કેન્દ્ર શાળાઓ તેમના તથા પેટા શાળાઓના બંને વિભાગનાં વિદ્યાર્થીના નામની યાદી તથા ફીનું ચલણ સ્વીકારવાની છેલ્લી તા.૩૦/૦૯/૨૦૧૫ છે.

## ૪. પરીક્ષા ફી બાબત:-

- પ્રાથમિક ચિત્રકામ પરીક્ષાની ફી રૂ.૫૦/-(અંકે રૂપિયા પચાસ પુરા)
  - { <u>રૂ.૪૦</u>(રા.પ.બોને મોકલવાની રકમ)+ <u>રૂ.૧૦</u>(કેન્દ્રએ વહીવટી ખર્ચ પેટે રાખવાની થતી રકમ)}
- માધ્યમિક ચિત્રકામ પરીક્ષાની ફી રૂ.૫૦/-(અંકે રૂપિયા પચાસ પુરા)
  - { <u>રૂ.૪૦</u>(રા.પ.બોને મોકલવાની રકમ)+ <u>રૂ.૧૦</u>(કેન્દ્રએ વહીવટી ખર્ચ પેટે રાખવાની થતી રકમ)}

**(૧)** મુખ્ય કેન્દ્રએ બંને વિભાગની સમગ્ર પરીક્ષાફી માટેના **<u>એચ.ડી.એફ.સી.બેન્કના ચલણથી</u>** ભરવાની રહેશે.

ચલણ સિવાય અન્ય રીતે ભરેલી ફી માન્ય  રાખવામાં આવશે નહી. જે બાબતની તમામ મુખ્ય કેન્દ્રોએ નોંધ લેવી.

(૨) મુખ્ય કેન્દ્રએ બંને વિભાગની સમગ્ર પરીક્ષા ફીનું  નાંણાનો એકજ ચલણ અને વિદ્યાર્થીના નામની યાદીનાં પ્રાથમિક/માધ્યમિકનાં અલગ કવર સાથે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ મોકલવાની છેલ્લી તારીખ **૩૦/૦૯/૨૦૧૫** છે,ત્યારબાદ ભરાયેલ ફીના ચલણો કે યાદી સ્વીકારવામાં આવશે નહી. **વિદ્યાર્થીના નામની યાદી સાથે વિદ્યાર્થીના નામની અંગ્રેજીમાં યાદીની સોફ્ટકોપી(M.S.Exalમાં) અને હાર્ડકોપી સાથે સી.ડી. બનાવીને રાજ્ય પરીક્ષા બોર્ડને આપવાની રહેશે.**

## ૫. પરીક્ષા સંચાલન બાબત.

- જિલ્લા કક્ષાએ સમગ્ર પરીક્ષાનું સંચાલન જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કરવાનું કરવાનું રહેશે. ઉત્તરવહીઓ તથા ડ્રોઈંગ પેપર અને જરૂરી સાહિત્ય તથા **બેઠક નંબર યાદીનું** વિતરણ માટે જરૂરી વ્યવસ્થા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ગોઠવવાની રહેશે.
- **ડ્રોઈંગ પેપર(કાર્ટીઝ)** તથા **બેઠક નંબર યાદી** અત્રેથી પુરી પાડવામાં આવશે.
- મંજુર થયેલા કેન્દ્રના સંચાલક આચાર્યશ્રી રહેશે.

## ૬. બેઠકનંબર જાણ કરવા બાબત.

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા પરીક્ષાર્થીઓના તેમના તેમના **બેઠક નંબરની યાદી** પરીક્ષા શરૂ થતા અઠવાડીયા અગાઉ અત્રેથી સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને આપવામાં આવશે. વિદ્યાર્થીઓને ફાળવવામાં આવેલ બેઠક નંબર ઉત્તરવહી ઉપર બ્લોક સુપરવાઈઝરે પોતે જ લખવાના રહેશે, અને ફાળવેલ બેઠક નંબર પરથી પરીક્ષા આપે તેની ખાસ કાળજી રાખવાની રહેશે. કોઈ પણ સંજોગોમાં અત્રેથી ફાળવેલ બેઠક નંબર બદલવો નહી. જે વિદ્યાર્થીનો **બેઠક નંબર** હોય તેજ વિદ્યાર્થી પરીક્ષા આપી શકે છે.તેની જગ્યાએ જો તે ગેરેહાજર રહે તોપણ અન્ય વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસાડવો નહી. આ નિયમનું ઉલ્લંઘન કરનાર સામે ખાતાકીય કાર્યવાહી થશે.

રાજ્ય પરીક્ષા બોર્ડ વિદ્યાર્થીના બેઠક નંબરની યાદી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને ઈ મેઈલથી આપશે. **હોલ ટીકીટ (પરીક્ષા રિસીપ્ટ)** અત્રે પુરી પાડવામાં આવશે **નહી**. જે તે શાળાના આચાર્યશ્રીએ બેઠક નંબરની યાદી પરથી રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ www.gujarat-education.gov.in/seb/ અને www.sebexam.org ઉપર આપેલ નમુના મુજબ હોલટીકીટ સહી સિક્કા કરી આપવાની રહેશે.

## ૭. મહેનતાણા બાબત.

**મહેનતાણા પત્રક સામેલ છે.**

**પ્રાથમિક/માધ્યમિક ચિત્રકામ પરીક્ષાની ફી રૂ.૫૦/-માંથી રૂ.૧૦/-(૨૦% લેખે)વહીવટી ખર્ચ પેટે કેન્દ્રો ખાતે જમાં રાખી બાકી વિદ્યાર્થી દીઠ રૂ.૪૦/- લેખે પરીક્ષા ફી અત્રેની કચેરીમાં જમાં કરાવવાની રહેશે.સામેલ પત્રકમાં કેન્દ્ર તથા જિલ્લાશિક્ષણાધિકારીશ્રી દ્વારા ફી નો વિગતવાર હિસાબ યાદી સાથે રજુ કરવાનો રહેશે.**

૮. **પરીક્ષક તરીકેની અરજી બાબત.**

પ્રાથમિક/માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા સપ્ટેમ્બર-૨૦૧૫ના પરીક્ષકો માટેની નિયત નમૂનામાં અરજી કરવાની છેલ્લી **તા.૦૮/૧૦/૨૦૧૫** છે. દરેક ચિત્ર શિક્ષકે તેમની જરૂરી લાયકાતના પ્રમાણપત્રોની ઝેરોક્સ નકલ અત્રેથી મોકલેલ ફોર્મ સાથે ભરીને વિદ્યાર્થીઓના યાદી સાથે અચુક મોકલવાની રહેશે.દરેક મુખ્ય કેન્દ્રની શાળાના કેન્દ્ર સંચાલકે તેની પેટા શાળાને પરીક્ષા અંગેની વિગતવાર જાણ કરવાની રહેશે.

## પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા ડીસેમ્બર-૨૦૧૫ કાર્યક્રમ

| ક્રમ | તારીખ | વાર | સમય | વિષય |
|---|---|---|---|---|
| પેપર -૧ | ૧૦-૧૨-૨૦૧૫ | ગુરૂવાર | ૧૦.૩૦થી ૧.૦૦ | નેચર |
| પેપર -૨ | ૧૦-૧૨-૨૦૧૫ | ગુરૂવાર | ૧.૩૦થી ૪.૦૦ | ભાતચિત્ર |
| પેપર -૩ | ૧૦-૧૨-૨૦૧૫ | ગુરૂવાર | ૪.૩૦ થી ૫.૩૦ | ચિત્રસંયોજન |

## માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા ડીસેમ્બર-૨૦૧૫ કાર્યક્રમ

| ક્રમ | તારીખ | વાર | સમય | વિષય |
|---|---|---|---|---|
| પેપર -૧ | ૧૧-૧૨-૨૦૧૫ | શુક્રવાર | ૧૦.૩૦થી ૧.૩૦ | માનવસર્જિત પદાર્થ |
| પેપર -૨ | ૧૧-૧૨-૨૦૧૫ | શુક્રવાર | ૨.૩૦થી ૫.૩૦ | ભાતચિત્ર |
| પેપર -૩ | ૧૨-૧૨-૨૦૧૫ | શનિવાર | ૧૦.૩૦થી ૧.૩૦ | ચિત્રસંયોજન |
| પેપર -૪ | ૧૨-૧૨-૨૦૧૫ | શનિવાર | ૨.૩૦થી ૪.૩૦ | અક્ષરલેખન |

## :સુચના:

અત્રેની કચેરીના જાહેરનામાં ક્રમાંક:રાપબો/ચિત્રકામ પરીક્ષા/૨૦૧૪-૧૫/૨૭૫૬-૩૨૧૦ તા.૦૮-૦૭-૨૦૧૩માં ક્રમનં -૭માં મહેનતાણાબાબતમાં પ્રાથમિક/માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષાની ફી રૂ.૫૦/-માથી રૂ.૧૦/-(૨૦% લેખે) વહીવટી ખર્ચપેટે કેન્દ્રો ખાતે જમાં રાખી બાકી વિદ્યાર્થી દીઠ રૂ.૪૦/- લેખે પરીક્ષા ફી અત્રેની કચેરીમાં જમાં કરાવવાની રહેશે.

જેમાં કેન્દ્ર ના કેન્દ્રસંચાલકશ્રી તથા પરીક્ષામાં નિમણુંક કરલ તમામ સ્ટાફના મહેનતાણા ઉપરાંત પરીક્ષામાં થનાર તમામ કન્ટીજન્સી ખર્ચ કેન્દ્ર પાસે જમા થયેલ ફીમાં થી (વિદ્યાર્થી દીઠ રૂ.૧૦/-) કરવાનો રહેશે.પરીક્ષા પુર્ણ થયેથી કચેરીમાં વિગતવાર હિસાબ રજુ કરવાનો રહેશે. આ મર્યાદા કરતા વધુ ખર્ચ માન્યતા પાત્રરહેશે નહી જેની કેન્દ્રસંચાલકશ્રીએ ખાસ નોધ લેવી.

## :વિગતવાર ફી હિસાબ પત્રક:

**કેન્દ્રનું નામ:-**

**સરનામુ:-**

| ક્રમ | વિદ્યાર્થીની સંખ્યા | | | કુલ ફીની રકમ કોલમ ૪ x૫૦ | વિદ્યાર્થી દીઠ રૂ.૧૦લેખે કેન્દ્રખાતે રાખવાની રકમ | રાજ્ય પરીક્ષા બોર્ડ ખાતે જમા કરવાની રકમ કોલમ ૪ x ૪૦ | ડી.ડી.નં.,તારીખ , બેંકનું નામ, સરનામું | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા | પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા | કુલ વિદ્યાર્થીની સંખ્યા | | | | | |
| **1** | **2** | **3** | **4** | **5** | **6** | **7** | **8** | **9** |
| | | | | | | | | |

**આચાર્યના સહી**
**સિક્કો**

**સહી/-**
**અધ્યક્ષ**
**રાજ્ય પરીક્ષા બોર્ડ**
**ગાંધીનગર**

**પ્રતિ,**

- કેન્દ્ર સંચાલકશ્રી (તમામ)
  પ્રાથમિક/માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા તમામ કેન્દ્ર
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ)
  આપના તાબાની માધ્યમિક શાળાઓને જાણ કરવી તથા સ્થાનીક અખબારમાં વિના મુલ્યે આ અંગેની પ્રેસનોટ પ્રસિધ્ધ કરવા સારૂ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ),
  આપના જિલ્લામાં આવેલ બી.આર.સી.તથા સી.આર.સી. કેન્દ્ર તથા પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.
- શાસનાઅધિકારીશ્રી,
  મ્યુનિસિપલ સ્કુલ બોર્ડ,અમદાવાદ,વડોદરા,રાજકોટ,સુરત તરફથી આપના તાબાની પ્રાથમિક/માધ્યમિક શાળાઓને જાણ કરવા સારૂ.

❖ નકલ સવિનય રવાના:

- ➢ અગ્ર સચિવશ્રી,શિક્ષણ વિભાગ,બ્લોક નં.૫/૭,ગાંધીનગર.
- ➢ કમિશ્નરશ્રી,મ,ભો,યો.અને શાળાઓની કચેરી ,બ્લોક નં ૯/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

પરિશિસ્ટ-૧

રાજ્ય પરીક્ષા બોર્ડ , ગાંધીનગર ચિત્રકલા ગ્રેડ પ્રાથમિક/ માધ્યમિક પરીક્ષા – ૨૦૧૫

કેન્દ્રનું નામ :-__________________ કેન્દ્ર નંબર :-_________તાલુકો :-_____જિલ્લો :-_________________

શાળાનું નામ :- ____________________________________________________________________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | જન્મ તારીખ | પરીક્ષાર્થીની સહી | રીમાર્ક |
|---|---|---|---|---|
| ૧ | (અટક ) (વિદ્યાર્થીનું નામ) (વાલીનું નામ) | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |
| ૭ | | | | |
| ૮ | | | | |
| ૯ | | | | |
| ૧૦ | | | | |
| ૧૧ | | | | |
| ૧૨ | | | | |
| ૧૩ | | | | |
| ૧૪ | | | | |
| ૧૫ | | | | |
| ૧૬ | | | | |
| ૧૭ | | | | |
| ૧૮ | | | | |
| ૧૯ | | | | |
| ૨૦ | | | | |
| ૨૧ | | | | |
| ૨૨ | | | | |
| ૨૩ | | | | |
| ૨૪ | | | | |
| ૨૪ | | | | |
| ૨૬ | | | | |
| ૨૭ | | | | |
| ૨૮ | | | | |
| ૨૯ | | | | |
| ૩૦ | | | | |

**નોધ :-**

- અંગ્રેજી કેપીટ્લ અક્ષરમાં યાદી બનાવવી.
- નામ અંગ્રેજી આલ્ફાબેટ પ્રમાણે ગોઠવવા.
- એક પેજ પર ૧ થી ૩૦ નામ જ લખવા.
- એમ.એસ.એક્સલમાં સોફ્ટકોપી બનાવવી.
- સોફ્ટકોપી ધી ન્યુ રોમનમાં બનાવવી.